PHONE : 220228
PATAN : : 253419
MO : : 9428518890
Whatsapp No : 9624630066
e-Mail Id : dptco123@gmail.com

*D.P. THAKKER & CO.*
*TAX ADVOCATES*
"SHREEKUNJ" STATION ROAD,
PATAN (N.G) 384265

તા: ૨૯/૪/૨૧

ભાઈશ્રી,

(૧) F.Y. ૨૦૧૯-૨૦ સુધી જે વેપારીઓને કલમ 44AB હેઠળ ઓડીટ કરાવવાનું થતું હોય તેમનેજ વ્યાજ, કોન્ટ્રાક્ટ પેમેન્ટ, ક્લીનીગ ફેક્ટરી ચાર્જ, ભાડું, વકીલ ફી, વિગેરે ખર્ચાઓના પેમેન્ટ માંથી TDS કાપવી ફરજયાત હતી. એટલે કે અંગત કે HUF ની માલિકી પેઢીઓ જેઓ કાચા આડતીયા તરીકે ખેડૂત કમીશન કરતા હતા તેમને ખેડૂત કમીશન થી કરેલ વેચાણનું ટર્નઓવર ઓડીટ પાત્ર ટર્નઓવર ની મર્યાદામાં ગણાતું ન હોવાથી તેઓ ઓડીટ કરાવતા નહોતા અને TDS પણ કરતા નહોતા

(૨) પરંતુ A.Y. ૨૦૨૧-૨૨ એટલે કે F.Y. ૨૦૨૦-૨૧ થી TDS કરવાના નિયમમાં ફેરફાર કરેલ છે. જે મુજબ હવે કાચા આડતિયા તરીકે કામ કરતા વેપારીઓ તથા જેમને શરાફી ધંધો હોય તેમને તેમનું કુલ વેચાણ / વ્યાજની આવક જો રૂ. ૧ કરોડથી વધારે હોય તો તેમને ખેડૂત કમીશનના કારણે ભલે કલમ 44AB હેઠળ ઓડીટ કરાવવાનું થતું ના હોય તેમ છતાં તેઓ રૂ. ૫૦૦૦/- ઉપર વ્યાજ ચુકવે કે રૂ. ૧૫૦૦૦/- ઉપર કમીશન ચુકવે કે રૂ. ૩૦૦૦૦/- ઉપર એક સાથે કે વર્ષ દરમ્યાન રૂ.૧ લાખ થી વધુ કોન્ટ્રાકટ પેમેન્ટ કરે કે ક્લીનીગ ચાર્જ ચુક્વે કે કોઈપણ ખર્ચાનું પેમેન્ટ કરે (જેમાં TDS લાગુ પડતી હોય) ત્યારે ઈ-ટેક્ષનાં નીયમ મુજબ આવા ખર્ચાઓના પેમેન્ટ માંથી TDS કાપીને ભરવી ફરજીયાત છે.

(3) એટલે F.Y. ૨૦૨૦-૨૧ નાં વર્ષમાં તમે જે પાર્ટીઓને રૂ. ૫૦૦૦/- થી વધુ વ્યાજ આપેલ હોય કે ઉપર લખ્યા મુજબ કોઈ ખર્ચાનું પેમેન્ટ કરેલ હોય જેમાથી TDS કરવા પાત્ર હોય તે જો ન કરી હોય તો હજુ પણ TDS કરી ને તેની વિગત તુરંત અમને મોકલશો તો તેના TDS નાં ચલણો ભરવા માટે મોકલી શકાય અને TDS રીટર્ન ફાઈલ કરી શકાય. જે ખર્ચાઓ માંથી TDS કાપવા પાત્ર હોય પણ કાપીને ભરી નાં હોય તો ઈ-ટેક્ષમાં આવા ખર્ચાઓ નાં ૩૦% રકમ નામંજૂર કરીને તમે જે નેટ નફો રાખેલ હશે તેમાં ઉમેરાશે એટલે કે એટલો ઈ-ટેક્ષ વધારે ભરવો પડે.

(૪) અમારા તા: ૨૪/૩/૨૧ નાં સરક્યુલરમાં પાના નં. ૫,૬ અને ૭ ઉપર TDS શેના ઉપર લાગુ પડે અને કેટલા ટકા પ્રમાણે કરવી પડે તેની વિગત આપેલી છે તે જોઈ લેવી.

કુશળ હશો

લી.

કનુભાઈ– પીયુષભાઈ – નિખીલભાઈ